## (C - 60) આવો આવો ગાઓને

આવો આવો, ગાઓને નરનાર, વંદન જિનને કરીએ,
જોડો જોડો હૈયાના તારેતાર, વંદન જિનને કરીએ.

તનનો હું તંબૂર બનાવું, પ્રભુભક્તિએ ધૂન મચાવું;
ઊઠે ઊઠે રોમે રોમે રણકાર, વંદન જિનને કરીએ. આવો૦ ૧.

મન-પુષ્પોનો અર્ઘ રચશું, પૂજન મારા પ્રભુના કરશું;
ગાશું ગાશું અંતરના આધાર, વંદન જિનને કરીએ. આવો૦ ૨.

અલખ નિરંજન દેવ સમરવા, જ્યોતિ તારી જીવન ભરવા;
વાગે વાગે સેવકની સતાર, વંદન જિનને કરીએ. આવો૦ ૩.

આવો આવો, ગાઓને સહુ નરનાર, વંદન ગુરુને કરીએ;
જોડો જોડો હૈયાના તારેતાર, વંદન ગુરુને કરીએ.

તનનો હું તંબૂર બનાવું, વાણીની હું વીણા બજાવું;
વાગે વાગે ગુરુગુણ તણા રણકાર, વંદન ગુરુને કરીએ. આવો૦ ૪.

બે કરનાં હું ઝાંઝ બનાવું, તાલે તાલે નાચ નચાવું;
ગાજે ગાજે ગુરુજીના જયકાર, વંદન ગુરુને કરીએ. આવો૦ ૫.

મન-પુષ્પોનો અર્ઘ રચશું, પૂજન મારા ગુરુનાં કરશું;
ગાશું ગાશું અંતરના આધાર, વંદન ગુરુને કરીએ. આવો૦ ૬.

અલખ નિરંજન દેવ સમરવા, જ્યોતિ તારી જીવન ભરવા;
વાગે વાગે સેવકની સતાર, વંદન ગુરુને કરીએ.

ગાજે ગાજે વીરના લઘુનંદન આજ, વંદન ગુરુને કરીએ.
જયવંત વર્તો સેવકના વ્હાલા ગુરુદેવ, વંદન ગુરુને કરીએ. આવો૦